ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# પરંપરાગત જળસ્ત્રોતો હવે સૌને યાદ આવ્યા

**તળાવો, કૂવા અને નદીઓની જાળવણી આપણે ન કરી શક્યા પરિણામે સ્થાનિક જળસ્ત્રોતો નાશ પામ્યા : સરકારની સાથે જન ભાગીદારી દ્વારા જ સ્થાનિક સ્તરે જળ સંચય કરી શકાશે**

ગાંધીનગર, તા. ૩

સુવિધાઓ આપણા માટે ક્યારેક લાંબાગાળે નુકશાનકારક સાબિત થાય છે. ઘરે ઘરે નળ દ્વારા પાણી પહોંચાડાતા સ્થાનિક જળસ્ત્રોતોનો ઉપયોગ ઘટતો ગયો અને આખરે આ જળસ્ત્રોતો નાશ પામ્યા. વર્ષો બાદ હવે જ્યારે નર્મદામાં પાણી ખૂટ્યા છે અને સમગ્ર

## સમયસર

ગુજરાતને જળસંકટનો અનુભવ કરવો પડી રહ્યો છે ત્યારે સરકાર સહિત સૌને હવે સ્થાનિક જળસ્ત્રોતોનું મહત્વ સમજાયુ છે.

છેલ્લા એક-દોઢ દાયકાથી ગુજરાતમાં નર્મદા-નર્મદા થઈ રહ્યું હતુ. છેક સૌરાષ્ટ્ર-કચ્છ સુધી નર્મદાના પાણી પહોંચાડવામાં આવ્યા અને ઠેર ઠેર તેના વધામણાં થયા. સારી વાત છે પરંતુ કઠણાઈ ત્યારે આવી જ્યારે સરદાર સરોવર બંધ પૂર્ણ થયેલ જાહેર થયુ તેના થોડાક જ માસ બાદ નર્મદાના પાણી ખૂટી ગયા. ઠેર ઠેર પાણીના પોકારો થવા લાગ્યા. સિંચાઈ માટેનું પાણી બંધ કરી દેવામાં આવ્યો. ઠેર ઠેર પાણીકાપ લાદી દેવાયો. પાણીના પોકારોને મીડિયા મહત્વ આપવા લાગ્યુ અને સરકારને બાજી પોતાના હાથમાંથી જતી લાગી ત્યારે અચાનક જ સ્થાનિક જળસ્ત્રોતો યાદ આવ્યા. કૂવા, વાવ, તળાવો અને તલાવડી, નદી જેવા સ્થાનિક જળસ્ત્રોતો પ્રત્યે સરકારે દુર્લભ સેવ્યુ છે સાથે જ તેના નાશ પાછળ નાગરિકો પણ એટલા જ જવાબદાર છે. ઘરે ઘરે નળ દ્વારા પાણી આવતા કૂવા, તળાવો, નદીઓનું મહત્વ ઘટતુ ગયુ. ચકલી ચાલુ કરો અને પાણી મળી રહે તેવી સુવિધા ઘરે ઘરે, ફળિયે-ફળિયે મળતા આપણે જળસંચયનુ મહત્વ ભુલી ગયા.

સ્થાનિક તળાવો જમીન માફિયાઓએ કબજે કરી તેમા મોટી સ્કીમો બનાવી દીધી. વાવ અને કૂવા ઉકરડામાં ફેરવાઈ ગયા. કૂવાઓ ગાળવાનુ કામ બંધ થતાં કૂવાઓ સુકાતા ગયા. તળાવોને ઊંડા કરકવાનુ કામ પણ બંધ થઈ ગયુ. ખેડૂતો નહેરોમાંથી પાણી મેળવતા થયા જેના પરિણામે ખેત તલાવડીઓ પણ ભુલાઈ ગઈ. સ્થાનિક જળસ્ત્રોતોની જે આખી જળ સંસ્કૃતિ હતી તે છેલ્લા બે દાયકામાં સાવ ભુલાઈ ગઈ. નર્મદાનુ પાણી મળતુ હતુ ત્યાં સુધી તો બધુ બરાબર ચાલ્યુ પરંતુ પાણી ખૂટ્યાં એટલે સરકાર સહિત સૌને સ્થાનિક જળસ્ત્રોતો યાદ આવ્યા. સરકારે વરસાદ પહેલા સ્થાનિક જળસ્ત્રોતોને જીવંત બનાવવાનુ ભગીરથ કાર્ય હાથમાં લીધુ છે તે ભ્રષ્ટ સરકારી અધિકારીઓના તાણાંવાણામાં ગુંથાઈ ન જાય તો જળ સંચય ક્ષેત્રે ખરેખર ક્રાંતિ આવી શકશે. સરકાર તો કાર્ય કરી જ રહી છે પરંતુ આપણે પણ તેમાં જોડાઈ આપણી લોકમાતા નદીઓ, વાવ, તળાવ, તળાવડી, કૂવા જેવા સ્થાનિક જળસ્ત્રોતોને જીવંત કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કરવુ જોઈએ. જનભાગીદારી આ કાર્યને વધુ અસરકારક બનાવશે.

# શેરથાનું તળાવ પિકનિક પોઈન્ટ પણ બનશે





**શેરથાનુ તળાવ સિંચાઈ માટે પાણી અને પ્રજા માટે પિકનિક પોઈંટ બનશે : ગાંધીનગરના શેરથામાં મુખ્યમંત્રીએ સ્વયં જે.સી.બી. ચલાવી તળાવ ઊંડા કરવાના કામનો પ્રારંભ કરાવ્યો**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર તાલુકાના શેરથા ગામે તળાવ ઊંડુ કરવાની સાથે તે એક સરસ પીકનીક પોઈંટ તરીકે પણ વિકસાવવામાં આવશે.

આજે રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીએ આ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો ત્યારે ઉદ્‌ઘોષક દ્વારા થયેલી જાહેરાત મુજબ આ તળાવમાં ૪૦ હજાર ઘનફૂટ પાણી ભરાતાં આસપાસના ૩૦૦ હેક્ટરમાં જળસ્તર ઊંચા આવશે એટલુ જ નહિ સિંચાઈ માટે પૂરક બનશે. આ તળાવને કિનારે ૫૦૦થી પણ વધુ વૃક્ષોનું વાવેતર કરી જળપલ્લવિત વિસ્તાર બનાવાતાં ત્યાં પક્ષીઓનો કલરવ સાંભળવા મળશે.

આ તળાવનું કામ ઝડપથી પૂર્ણ કરાશે. આ પ્રસંગે ટીંટોડા રામજી મંદિરના મહંત પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લામાં જળસંચય અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં ૮૦ કામો શરૂ થઈ ચુક્યા છે અને બાકીના કામો આગામી દિવસોમાં શરૂ થઈ જશે તેમ રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીએ તેમના પ્રવચનના પ્રારંભે કહ્યુ હતુ.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટ મત વ્યકત કર્યો છે કે રાજ્યમાં જળસ્ત્રોતના પૂનઃજીવન માટે લોક સહયોગથી આરંભાયેલો સુજલામ-સુફલામ જળ અભિયાનનો મહાયજ્ઞ ગુજરાતને પાણીદાર બનાવનારૂં જનઅભિયાન બનશે.

વિજયભાઈ રૂપાણીએ ૫૮માં ગુજરાત ગૌરવ દિવસથી ૩૧મે સુધી ૧ માસ માટે શરૂ થયેલા રાજ્યવ્યાપી સુજલામ-સુફલામ જળ અભિયાન અન્વયે ગાંધીનગર જિલ્લાના શેરથામાં તળાવ ઊંડા કરવાના કામનો સ્વયં જે.સી.બી. મશીન ચલાવીને પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ જળસંચય અભિયાન અન્વયે ગ્રામીણ લોકો વધુ જાગૃત બને તે માટે આકર્ષક સૂત્રો અને બેનર્સ સાથેની વિશાળ રેલીને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું.

# જીટીયુની પીજી સ્કુલ અને ગ્લોબલ ક્લાસરૂમનુ કામ એક વર્ષથી અટવાયુ

**૧૦૦ એકર સામે સરકારે માત્ર ૨૯ એકર જગ્યા જ ફાળવતા કામ હાથ ધરી શકાયુ નથી**

ગાંધીનગર તા ૩

ચાંદખેડા ખાતે જી ટી યુ ની પી જી સ્કુલ તેમજ ગ્લોબલ ક્લાસરૂમ બનાવવાની કાર્યયોજના છેલ્લા એક વર્ષથી અટવાઈ છે. આ કામગીરી સંદર્ભે ટેન્ડર પ્રકીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. પરંતુ સરકાર દ્વારા પુરતી જમીન ન ફાળવામાં આવતા કામગીરી અટવાઈ છે. કામ સંદર્ભે એક વર્ષ અગાઉ વર્ક ઓર્ડર પણ આપી દેવાયો છે. પરંતુ લેકાવાડા ખાતે ૧૦૦એકર જમીનની માંગણી સામે ૨૯ એકર જગ્યા જ ફાળવવામાં આવતા યોજના અટવાઈ પડી છે.

ચાંદખેડામાં ગુજરાત ટેકનોલોજી યુનિવર્સીટીને અનુલક્ષી પી જી સ્કુલ તેમજ ગ્લોબલ ક્લાસરૂમ બનાવવા માટે ગત વર્ષ દરમિયાન ટેન્ડર પ્રકીયા હાથ ધરી જવાબદાર એજન્સીને કામ પણ સોંપી દેવામાં આવ્યુ હતુ. પરંતુ સંસ્થાને સરકાર દ્વારા જિલ્લાના લેકાવાડા ગામમાં જમીન ફાળવાનો નિર્ણય લેવાતા નવી જગ્યાએ બિલ્ડીંગ બાંધવા માટે આયોજન કરવામાં આવ્યુ હતુ સરકાર પાસે જી ટી યુ કક્ષાએથી ૧૦૦ એકર જગ્યાની માંગણી કરવામાં આવી હતી. પરંતુ સરકાર કક્ષાએથી ૨૯ હેકટર જગ્યા જ ફાળવવામાં આવી છે.જેના લીધે પી જી સ્કુલ અને ક્લાસરૂમની કામગીરી હજુ સુધી થઈ શકી નથી. જી ટી યુ કક્ષાએથી આ કામગીરી નવી જગ્યાએ કરવાનો નિર્ણય લેવાયો છે. જયારે પુરતી જગ્યાના અભાવ વચ્ચે આ કામગીરી હજુ પેન્ડીંગ છે.અલબત્ત આ યોજના અન્વયે રૂ ૯૦ લાખનો ખર્ચ કરવામાં આવશે. પરતુ જગ્યાના અભાવે છેલ્લા એક વર્ષથી કાર્યયોજના અટવાઈ છે. પર્યાપ્ત જગ્યાના અભાવે જી ટી યુ એ લેકાવાડા ખાતે ફાળવામાં આવેલી જમીનનુ પઝેશન લીધુ ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

# સે-૨૦માં છ કક્ષાના ૩૬ મકાનો તોડવા માટે ટુંકમાં કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં વર્ષો જુના સરકારી આવસો તોડી નાંખવા માટે તંત્ર દ્વારા તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. શહેરમાં અગાઉ નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હાલ સેકટરોમાં ટાવર કોલોની ઉભી કરી કોર્પોરેટ લુક ધરાવતા નવા મકાનો પણ બાંધવામાં આવ્યા છે. જયારે સે-૭ અને સે-૨૯ માં નવા મકાનો બાંધવાનુ કામ પુર્ણ કરાયા બાદ હાલ સે-૩૦ માં નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહયુ છે. આગામી જુલાઈ મહીનામાં પણ આ કામગીરી પુર્ણ કરી દેવાશે. જયારે સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો દાયકાઓના અંતે કંગાળ હાલતમાં જોવા મળી રહયા છે. શહેરમાં

**સે-૨૦ માં જ કક્ષાના અને સે-૯ માં જ-૨ કક્ષાના ૧૨૦ મકાનો તોડવા માટે પણ દરખાસ્ત**

સ્થિત વિવિધ કક્ષાના આવાસો રહેણાંકને લાયક ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે જુના મકાનો રીનોવેશનના અંતે પણ યોગ્ય થઈ શકે તેમ હોવાનુ પણ ચિત્ર સ્પષ્ટ થયુ છે. ત્યારે જુના આવાસો તબક્કાવાર જમીન દોસ્ત કરી જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. ત્યારે સેકટરામાં ભયજનક મકાનો તોડી નાંખવા માટે સર્વે હાથ ધરી વિભાગ કક્ષાએ મંજુરી મેળવવા પણ તંત્ર દ્વારા દરખાસ્ત કરવામાં આવી રહી છે. સે-૨૦ માં છ કક્ષાના સરકારી આાવાસો તોડવા માટે અગાઉ તંત્રએ દરખાસ્ત કરી હતી. જે અન્વયે છ કક્ષાના ૩૬ મકાનો તોડવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. આ ઉપરાંત સેકટરમાં અન્ય જ કક્ષાના અન્ય

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં નીલગાયના આતંકથી માર્ગ સલામતી ખતરામાં

**સેકટરોમાં પણ અડ્ડો : શહેરી વિસ્તારમાં ૨૫૦૦ જેટલી નીલગાય રખડતી હોવાનો અંદાજ**

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં નીલગાયના આતંકથી નગરજનો ત્રાહીમામ પોકારી ગયા છે. સેકટરોમાં વન આરક્ષિત જગ્યામાંથી માર્ગ વચાળે ડોકીયા કરતી નીલગાય આમ નાગરિકો માટે ગમે ત્યારે સમસ્યા સર્જે છે. માર્ગ વચાળે દોડી આવતી નીલગાયના લીધે અનેકવાર જાનલેવા અકસ્માતો પણ સર્જાય છે. શહેરમાં સરકીટ હાઉસ પાછળના જંગલ વિસ્તારમાં નીલગાયના ટોળાનો વસવાટ છે. શહેરી વિસ્તારમાં એક અંદાજ મુજબ ૨૫૦૦ જેટલી નીલગાય રખડતી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગરના સેકટરોમાં તેમજ ટવિન સીટીને જોડતા માર્ગ પર ગમે ત્યારે માર્ગ વચાળે નીલગાય દોડી આવતા અનેકવાર અકસ્માતો સર્જાય છે. જેને અનુલક્ષી વી વી આઈ પી ઓની અવરજવર સલામત બની રહે તે માટે અગાઉ કોબા માર્ગ પર આસપાસના વિસ્તારને કવર

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતીરાજમાં સર્જાયેલી સ્થિતિ સામે બે ધારાસભ્યોની નારાજગી

**પંચાયતીમાં પક્ષ વિરોધીઓ સાથે બેસીને નહિ શિસ્તભંગના પગલાં લેવાનો સમય આવી ગયો છે : બળદેવજી**

**પંચાયતીરાજ વ્યવસ્થા થકી તંત્ર અને પ્રજાના પ્રશ્નોના ઉકેલ માટે સેતુ બની કામ કરીએ : ચાવડા**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના ઉપક્રમે આજે યોજાયેલ પંચાયતીરાજ તાલિમ શિબિરમાં જિલ્લાના બે વરિષ્ટ ધારાસભ્યોએ છેલ્લા બે વર્ષમાં ઉભી થયેલી સ્થિતિને લઈ નારાજગી વ્યક્ત કરતાં તાલિમ શિબિરમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે જણાવ્યુ હતુ કે પંચાયતી રાજ એ સેવાનું માધ્યમ છે તે પાયાની વાત ભૂલી ગયા છીએ અનો સત્તા પ્રાપ્તીનું સાધન બનાવવાની ચાલ ચાલવાની વાતો યોગ્ય નથી. તાલુકા પંચાયતની ચૂંટણીમાં લોકોએ દિલથી મત આપ્યા અને આપણે સત્તા ન મેળવી શક્યા એનાથી દુઃખદ બીજુ શું હોઈ શકે.

બળદેવજી ઠાકોરે કહ્યુ કે પક્ષ



વિરોધી પ્રવૃત્તિ કરનારાઓ સામે પગલાં લેવાનો સમય આવી ગયો છે. પક્ષ વિરોધીઓને સાથે લઈ ફરવાનું નહિ પણ પક્ષની વિચારધારાનો વ્યાપ વધે તે દિશામાં સત્તાધીશો ધ્યાન આપે એ જરૂરી છે.

તેમણે કહ્યુ કે વહીવટીતંત્રની ધુરા સંભાળવી હોય તો પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનારાઓને જાકારો આપો અને પક્ષના પાયાના કાર્યકરની લાગણીને વાચા આપી ગ્રામીણ પ્રજાના પ્રશ્નો ઉકેલવા માટે ધ્યાન કેન્દ્રીત કરવાનો સમય છે આવી તક નહિ મળે.

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ પણ પંચાયતોની વડી કચેરીએ માત્ર બિલો કઢાવવામાં રસ ન દાખવતાં લોકોની જરૂરિયાતો શું છે અને તંત્ર તે પહોંચાડવામાં ક્યાં ઉણુ ઉતરી રહ્યુ છે તે ખુટતી કડીઓ જોડી પ્રજા સાથેનો નાતો ઘનિષ્ટ બનાવવો જોઈએ.

નાની ઉમંરે સારી તક મળી હોય તો સેવાને સાધ્ય રાખી પ્રજા અને તંત્ર વચ્ચે સેતુ બનીએ એ

● અનુસંધાન પાન-૭ પર

## જાહેરાત

બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન (બરોડા આરસેટી) ગાંધીનગરના રૂપાલ ખાતેના કાર્યાલય માટે છ માસના કરાર આધારિત ઉચ્ચક મહેનતાણાથી નીચે જણાવેલ જગ્યા માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

**(૧) માળી / વોચમેન - જગ્યા-૧**

**લાયકાત :** ૭ ધોરણ પાસ તથા ખેતીવાડી અને બાગાયત / ફૂલછોડ અંગેનો અનુભવ જરૂરી છે.

**ઉંમર :** તારીખ ૩૦/૪/૨૦૧૮ના રોજ ૨૨ વર્ષથી ૪૦ વર્ષ

**પગાર :** માસિક રૂ. ૬૦૦૦/- અને રૂ. ૫૦૦ ફિક્સ (ટ્રાવેલ એલાવન્સ) મુસાફરી ભથ્થુ.

**પસંદગીની પ્રક્રિયા :-**

**(૧) વ્યક્તિગત ઈન્ટરવ્યુ :** રૂબરૂ મુલાકાત રાખવામાં આવશે.

રસ ધરાવનાર ઉમેદવારોએ ઉપરોક્ત જગ્યા માટે પોતાના સંપૂર્ણ બાયોડેટા સાથેની અરજૂ તા. ૧૫/૫/૨૦૧૮ સાંજે ૫-૦૦ વાગ્યા સુધી સાદી ટપાલ દ્વારા નિયામકશ્રી બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન (બરોડા આરસેટી), મુ.પો. રૂપાલ, ગોરખનાથ આશ્રમની બાજુમાં, તા.જી. ગાંધીનગર-૩૮૨૬૩૦, ફોન નં. ૯૯૦૯૯૭૯૩૮૨ને જરૂરી દસ્તાવેજોની પ્રમાણિત નકલો જેવી કે ઉમેદવારના શૈક્ષણિ પ્રમાણપત્રો, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, આધારકાર્ડ તથા અન્ય કે.વાય.સી. તાજેતરના બે પાસપોર્ટ ફોટા સહિત મોકલવાની રહેશે. ઉપરોક્ત સમય મર્યાદા બાદ મળેલ તથા અધુરી માહિતીવાળી અરજી સ્વીકારવામાં આવશે નહી અને એવા ઉમેદવારની અરજી રદ ગણવામાં આવશે અરજી મળવામાં કોઈ વિલંબ માટે સંસ્થા જવાબદાર રહેશે નહીં. અરજીના કવર ઉપર કરાર આધારિત "માળી / વૉચમેનની જગ્યા" એમ લખવું.

બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન અરજીની ચકાસણી / પસંદગી સુચિ માટેનો અધિકાર અનામત રાખે છે.

તા. ૩૦/૪/૨૦૧૮ — નિયામક

સ્વ. શ્રીમતી શૈલાબેન ઉર્ફે (સૂર્યાબેન) પટેલની
અગિયારમી માસિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



હસીને હસાવનાર સૌને રડાવી ગયાં. મન તો હજુ નથી માનતું કે તમે અમારી સાથે નથી. તમે ઘણાં સંભારણાં આપી ગયા. તમારી ખોટ દરેક ક્ષણે અમને મહેસૂસ કરાવે છે. સદાય અમારા દિલમાં વસીને રડાવી ગયા. પરમાત્મા આપના આત્માને શાંતિ આપે એવી પ્રભુ પ્રાર્થના.

પુણ્ય આત્માને શત્ શત્ પ્રણામ

રમેશભાઈ ભલાભાઈ પટેલ
(રીટાયર્ડ Dy.S.P.)
ભાવનાબેન રમેશભાઈ પટેલ
આકાશ રમેશભાઈ પટેલ
ઉમંગ રમેશભાઈ પટેલ
હાલ - ગાંધીનગર (કુહાવાળા)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વૉટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com